જુલાઇ - ૨૦૨૧
અંક - ૩૭

સંપાદકીય બોર્ડ
- બી.કે. મહતો
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર

# અરુણોદય




અનુક્રમણિકા

- વિડિયો ગેમનો વધુ ઉપયોગ. એટલે બાળકોના સામાજીક વલણોને નુકશાન
- ઓનલાઇન શિક્ષણ
- ખુશી ખુદના હાથમાં
- શબ્દ
- દાન હંમેશા ગુપ્ત
- વાણી
- ચાર આંખોનું ચોમાસુ
- मौका
- શાળા ની પ્રવૃતિઓ

ડિઝાઇન:- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' જુલાઈ - ૨૦૨૧ , અંક-૩૭ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# વિડિયો ગેમનો વધુ ઉપયોગ એટલે બાળકોના સામાજીક વલણોને નુકશાન



શ્રીમતી અસ્મીતાબેન એચ. ત્રિવેદી
પ્રાથમિ શિક્ષક

સાતથી ૧૧ વર્ષનાં બાળકોએ અઠવાડિયામાં બે કલાકથી વધુ વિડિયો ગેમ રમવી ન જોઈએ.

વિડિયો ગેમ રમવી બાળકોના માનસિક વિકાસ માટે સારું છે પરંતુ તેઓએ ગેમ અઠવાડિયામાં બે કલાકથી વધુ ના રમવી જોઈએ, આના કારણે બાળકોને શાળામાં શિક્ષકો સાથે ઘર્ષણ અથવા મિત્રો સાથે ઝગડો થાય તેવી સામાજીક કુશળતા બાધિત થઈ શકે છે. સાતથી ૧૧ વર્ષની ઉંમરના બાળકો રમે તો વળી શાળામાં તેઓ સારા માર્કસ પણ લાવી શકે છે તેમ નવા રીચર્સમાં તારવવામાં આવ્યું છે. જોકે, એનલ્સ ન્યુરોલોજીમાં પ્રકાશિત થયેલા રીચર્સમાં અભ્યાસકારોએ ફાયદાના ચોક્કસ કારણ દર્શાવ્યા નહોતા. સાતથી ૧૧ વર્ષના ૨૪૪૨ બાળકો પર સામાજીક અસર પરનો અભ્યાસ કરાયો હતો. જે બાળકો ગેમ રમવાથી આ પ્રકારની સમસ્યાથી પીડાતા હતા તેવા બાળકોને અભ્યાસમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા.

અભ્યાસકારોએ વિડિયો ગેમ રમતા ૨૬૦ બાળકો પર રીચર્સ કર્યું હતું જેમાં તેમને વિડિયો ગેમ રમવા માટે પ્રેરિત કરીને તારણો આપ્યા હતા. અભ્યાસકારોએ એવું પણ દર્શાવ્યું હતું કે, મોટા ભાગના બાળકો સુપર મારિયો બ્રધર્સ, ફીફા અને ડબલ્યુંઆઈઆઈ સ્પોર્ટ્સ ગેમ રમવામાં વધુ રસ દાખવે છે. બાળકોને તેમના મગજમાં થતી માનસિક પ્રક્રિયાની ઝડપ પ્રમાણે અસર થતી હોય છે. આમાં ઘણા બાળકોમાં વધુ જયારે કેટલાકમાં ઓછા વતા પ્રમાણમાં અસર વર્તાઈ હતી. વૈજ્ઞાનિકોએ કેટલા સમય સુધી વિડિયો ગેમ રમવાથી ઝડપી સામાજીક કુશળતા પર અસર થાય છે તે અંગે પ્રયોગ કરતાં જાણવા મળ્યું કે, જે બાળકો ઓછી અથવા નહીવત વિડિયો ગેમમાં રચ્યા પચ્યા રહે છે તેઓ અન્યો કરતાં ૧૦૦ મિલીસેન્ડ વધુ ઝડપી હોય છે. જોકે, અઠવાડિયામાં બે કલાકથી વધુ વિડિયો ગેમ ન રમે તો તેઓના સામાજીક વિકાસ પર વધુ અસર પડતી નથી. વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે, નાના બાળકો વધુ સંવેદનશીલ હોય છે અને તેમના પર કોઈ નવતર પ્રયોગની અસર વહેલી તથા મક્કમ રીતે થાય છે.



# ઓનલાઇન શિક્ષણ




Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.







કોરોના કાળમાં ઓનલાઇન ક્લાસીસ લેવાય છે.
શરૂ થશે સ્કુલ ક્યારે એ પ્રશ્ન ઘેરાય છે.
સ્કુલના દરવાજે હજુ બાળકોની ભીડ નથી.
સાડા સાત થયા પણ બેલનો અવાજ નથી.
મૂંગા છે માઇકને મૂંગા છે સ્પીકર
શાળાનો બેલ પણ સાવ ચૂપચાપ છે.
સ્કુલના મેદાન જાણે રડતા દેખાય છે.

ક્યારે આવશે બાળકો એમ પૂછતા જણાય છે.
સ્કુલના બિલ્ડીંગ પણ લાગે ઉદાસ છે.
શિક્ષક વર્ગમાં પણ પાટલીઓ ખાલી દેખાય છે.
ગુડમોર્નિંગ મેમ એવુ અભિવાદન મિસ ( Miss ) થાય છે.



કોરોના કાળમાં ઓનલાઇન ક્લાસીસ લેવાય છે.
મોબાઇલ કે લેપટોપમાં હોમવર્ક બતાવાય છે.
નોટોમાં ખરાં – ખોટાંના લાલ લીટા મિસ થાય છે.



બાળકોના લડાઇ - ઝગડાને મીઠી ફરિયાદો –
શિક્ષણ તો થાય છે પણ પ્રાર્થના મિસ થાય છે.
લોબી અને મેદાનમાં મિત્રોના ટોળા થઇ –






રિસેસમાં નાસ્તાની આપ-લે મિસ થાય છે.
રજા સમયે પણ સીડીઓ ખાલીખમ છે.
સ્કૂટર , બસ ને ગાડીઓના હોર્ન મિસ થાય છે.




કોરોના કાળમાં ઓનલાઇન ક્લાસીસ લેવાય છે.
એક લહેર , બીજી લહેર હજુ ત્રીજીની આગાહી થાય છે.
શરૂ થશે સ્કુલ ક્યારે એ પ્રશ્ન ઘેરાય છે.





# ખુશી ખુદના હાથમાં



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

જીવનમાં  ખુશ રહેવું એ માનવીય જીવનમાં ઈશ્વરે આપેલી એક અમૂલ્ય અમાનત છે. આજની ભાગદોડ ભરી જિંદગીમાં માનવની ખુશી જાણે ક્યાંક છૂપાઇ ગઇ હોય તેવું લાગે છે. તણાવયુકત પરિસ્થિતિ ઊભી થતાં જ વ્યક્તિ રઘવાયો બની જતો હોય છે.

પોતાની નાખુશી માટે ઘણી વખત વ્યક્તિ પોતેજ જવાબદાર હોય છે કાં તો બાહ્ય પરિસ્થિતિ પણ ક્યારેક ભાગ ભજવી જતી  હોય છે. **માનવ એક અજીબ સામાજિક પ્રાણી છે. થોડી વધુ ગરમી , ઠંડી કે વરસાદ તેને અકળાવીએ નાખે છે.** પ્રકૃતિ અને પ્રાણ ભેગા જાય તેવું કહેવામાં આવે છે જે મહદઅંશે સાચું પણ છે.

જીવનમાં આવતી ખુશીની પળોમાં પણ જો વ્યક્તિ દીવેલીયા જેવું મુખ કરી ફરતો હોયતો તે અભાગી જ ગણાય.  માનવ જયારે પોતાના દુ:ખને સતત વાગોળ્યા કરતો હોય છે ત્યારે તેની થોડી ઘણી ખુશી પણ દુ:ખમાં હોમાય જતી હોય છે.

' ડોન્ટ વરી બી હેપી '  નું સૂત્ર જીવનમાં જેણે પચાવ્યું  છે તેવા લોકો ગમે તેવી પરિસ્થિતિમાં પણ સારી રીતે જીવન જીવી જતાં હોય છે.

માનવ જીવન ' કભી ખુશી કભી  ગમ ' થી ભરેલું છે. દરેક પરિસ્થિતિ સમાન નથી હોતી. ' સુખમાં છલકવું નહિ અને દુ:ખમાં રડવું નહિ ' એ જેમણે સાર્થક કર્યુ હોય તેઓજ નિશ્ચિત ધ્યેય સુધી પહોંચી શકે છે. ખુશી કે આનંદ એ દેખાડવાની ચીજ નથી. ખુશમિજાજી સ્વભાવ ધરાવનાર વ્યક્તિ ગમે તેવા દુ:ખને પણ પચાવી જતો હોય છે.

બાળકની માફક આપણે પણ આપણી ઈચ્છા પૂર્ણ કરવાનો પ્રયત્ન કરીએ . મન થાય ત્યારે રડી લઇએ અને ખુલીને હસી પણ લઇએ. ખુશીને જોખી જોખીને વ્યક્ત કરવામાં કોઇ આનંદ નથી.

ઘણી વખત માનવ ભ્રમમાં , બીજાના વિચારો પર અથવા તો પોતાનો સારા વિચારો વ્યક્ત ન કરી શકવાને કારણે પણ ખુશી પામી શકતો નથી.

અયોગ્ય વાણી , વિચાર કે વર્તન પણ ખુશીને છિન્ન ભિન્ન કરી નાખે છે. જીવનમાં ખુશ રહેવાનો પ્રયત્ન કરવો એ પણ જોવા જઇએ તો એક ગહન વિચાર માંગી લે તેવો અભ્યાસ જ છે.   ઈશ્વર પાસે સદા માંગીએ.......

**सर्वत्र सुखिन : सन्तु सर्वे सन्तु विरामया,**
**सर्वे भद्राळि पश्यन्तु , मा कश्चिद दु:खमाप्नुयान |**




# શબ્દ



વી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

મનુષ્ય માટે શબ્દ ,ભાષા , શાબ્દિક માળખું એટલું મહત્વપૂર્ણ બની ગયું છે કે, હવે તેનાથી વધારે કોઈ ચીજ મહત્વપૂર્ણ રહી નથી.

જો કોઈ અચાનક ચીસ પાડે છે આગ ! તો આ 'શબ્દ' તમને તરત બદલી નાખે છે. બની શકે છે કે ત્યાં કોઈ આગ ના હોય , પરંતુ તો પણ તમે સાંભળવાનું બંધ કરી નાખશો.  બંધ કરવા માટે કોઈ પ્રયત્ન કરવો પડશે નહીં અચાનક તમે સાંભળવાનું બંધ કરી નાખશો અને તમે જ્યાં ત્યાં દોડવાનું શરૂ કરી દેશો આ આગ 'શબ્દ' કલ્પનાને પકડી ચૂક્યો હશે

આવા શબ્દો અને તેના પ્રભાવને ઊંડાણથી સમજી લેવા પડશે દરેક વ્યકિત જે સત્યની શોધમાં છે તેને શબ્દનાં પ્રભાવ તરફ જાગૃત રહેવું પડશે જાહેર ખબર આપવા વાળા લોકો એ શબ્દોનો ઉપયોગ કરે છે અને એ શબ્દો દ્વારા એવી ધારણાઓ નિર્વાણ કરી શકે છે કે તમે તમારા જીવનની બાજી લગાવી દો તમે કેવળ શબ્દો દ્વારા તમારી જિંદગી ગુમાવી શકો છો

રાષ્ટ્ર ,રાષ્ટ્ર ધ્વજ , હિન્દુત્વ આ બધું શું છે ? માત્ર શબ્દો , તમે કહી શકો છો હિન્દુત્વ ખતરામાં છે અને તરત જ કેટલાય લોકો કંઈક કરી નાખવા માટે મરવા માટે પણ તૈયાર થઈ જાય છે માત્ર થોડા જ શબ્દો અને આપણા દેશનું અપમાન થઈ જાય છે , શું છે આપણો દેશ? કેવળ શબ્દ ! સમગ્ર દેશ એક રાષ્ટ્રધ્વજ માટે મરી શકે છે કારણ કે કોઈએ તેનું અપમાન કર્યું છે તેને દૂષિત કરી નાખ્યો છે શબ્દોના કારણે આ દેશમાં કેટલી મૂર્ખ તાઓ  ચાલ્યા કરે છે શબ્દ ખતરનાક હોય છે તમારી અંદર પ્રભાવ પાડવાનો તેનામાં ઊંડો સ્ત્રોત હોય છે તે તમારી અંદર કંઈક ઉત્પન્ન કરી નાખે છે અને તમારા પર અધિકાર જમાવી શકે છે

યાદ રાખો શબ્દો બીજા દ્વારા શીખવવામાં આવે છે તમે શબ્દની સાથે જન્મતા નથી તે તમને શિખવવામાં આવે છે અને શબ્દો દ્વારા ઘણી બધી પૂર્વધારણાઓ શીખવવામાં આવે છે શબ્દો દ્વારા ધર્મ ,પૌરાણિક કથાઓ બધી જ ચીજો પોષવામાં આવે છે શબ્દ સભ્યતાનું મધ્યમ છે સમાજનું વાહક છે જાણકારીઓ નું વાહક છે

તમે કીડીઓને દેશ માટે લડવા માટે ભડકાવી શકશો નહીં . તમે તેને ભડકાવી શકતા નથી કારણ કે તેઓ જાણતી નથી કે રાષ્ટ્ર શું છે ? તેથી જીવ જંતુઓના રાજ્યમાં કોઈ યુદ્ધ થતું નથી ત્યાં કોઈ યુધ્ધ નથી ,ઝંડા નથી ,મંદિરો નથી , મસ્જિદ નથી અને જો પશુઓ આપણું અવલોકન કરી શકતા હોત તો તેમણે વિચારવું પડત કે મનુષ્ય શબ્દોથી ગ્રસ્ત કેમ છે કારણ કે શબ્દોને કારણે માનવ સમાજમાં લડાઈઓ નિરંતર ચાલ્યા કરે છે અને લાખો લોકોને મારી નાખવામાં આવે છે

જ્યારે મનુષ્ય શબ્દોથી મુક્ત થઈ જાય છે  જ્યારે કોઈ કલ્પના રહેતી નથી ત્યારે મનુષ્ય સત્યનો સામનો કરી શકે છે.



# દાન હંમેશા ગુપ્ત



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

જે હંમેશા નિ:સ્વાર્થ અને પરમાર્થ હેતુસર અપાતું  હોય તે જ દાન નું મહત્વ છે. ઢંઢેરો પીટીને ,પ્રદર્શન કરીને  અપાતું દાન એ દાન નહિ પરંતુ એક જાતનો દેખાડ  જ ગણાય . એવું કહેવાય છે કે જો એક હાથથી દાન અપાયતો તેની ખબર બીજા હાથને પણ ન પડવી જોઈએ.

ઘણાં લોકો પોતાના નામની તખતી લાગે તે માટે દાન ની જાહેરાતો કરતાં હોય છે અથવા તો દસ વ્યક્તિ ને કહેતાં ફરતા હોય છે. વળી જાહેરાત કરીને સમાજમાં પોતાનો મોભો , પ્રતિષ્ઠા ઊભી કરવાનો અવિરત પ્રયત્ન કરતાં હોય છે . દાન સુપાત્ર ને અપાય  તો જ તેનું મહત્વ છે. ઘણાં દાની લોકો નમ્ર બનીને દાન કરતા હોય છે. છતાં ક્યારેય બીજાને ખબર પણ પડવા દેતાં નથી.

વાત છે  અખંડ ભારતમાં આઝાદી પહેલાના એક શેઠની . જેમનું નામ છે જમશેદજી મહેતા. તેઓ મોટા દાની હતા. તેમને ક્યારેય દાનનું પ્રદર્શન કરવું ગમતું નહતું . તે દિવસોમાં એક ભવ્ય હોસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલુ હતું. હોસ્પિટલના કર્તાહર્તા ફાળો ઉઘરાવી રહયા હતાં. તેમણે જાહેરાત કરીકે જે વ્યક્તિ દસ હજારનો ફાળો આપશે તેમના નામનો પથ્થર હોસ્પિટલમાં લગાવવામાં આવશે. ઘણાં ધનિકોએ તે લાલચમાં દસ હજાર રૂપિયા આપ્યા.

જયારે હોસ્પિટલના કર્તાહર્તાઓ મહેતાજીની પાસે ફાળો લેવા ગયા ત્યારે મહેતાજીએ દસ હજાર માં ચાલીસ રૂપિયા ઓછા આપ્યા. કર્તાહર્તાઓ એ કહ્યુ કે મહેતાજી તમે ચાલીસ રૂપિયા વધારે આપી દો તો તમારા નામનો પથ્થર હોસ્પિટલ માં લગાવવામાં આવશે. આ વાત પર શેઠજી બોલ્યા , " મારે મારા નામનો પથ્થર મૂકાવીને દેખાડો કરવો નથી."  નિ :સ્વાર્થ સેવામાં જે આનંદ છે તે જાહેરાતમાં નથી. ફાળો માંગનારા શેઠજીની વાત સાંભળી મૂંગા થઈ ગયા.

ખરેખર એ વાત તો જરૂર સ્પષ્ટ જ છે કે નિ:સ્વાર્થ સેવા કે દાન કરવા વાળા જ પુણ્ય પ્રાપ્ત કરે છે દાનનો પ્રચાર કરવાવાળા પુણ્યમાં ભાગીદાર નથી હોતા. વળી સામેની વ્યક્તિ લઘુ ગ્રંથી થી ન પીડાય કે આપનાર ગુરુ ગ્રંથી માં ન આવી જાય તે જોવું પણ એટલું જરૂરી છે.   પ્રભુ પાસે એટલું જરૂર માંગીએ કે પ્રભુ તું જીવનમાં યાચક નહિ પરંતુ દાતાની ભૂમિકા બક્ષજે.



# વાણી



એસ.એસ.ભગોરા
માધ્યમિક શિક્ષક

વાણી એજ માનવીનું સાચૂ આભૂષણ છે. વાણી ઉપરથી માનવીની પરીક્ષા થાય છે. પ્રિય વાણી એ અલૌકિક શક્તિ છે. મુખમાં સરી પડેલા શબ્દોની કિંમત કરાવવી હોય તો શબ્દોને સમજી , વિચારીને બોલવા જોઇએ. બોલેલા શબ્દો સામેની વ્યક્તિને પ્રિય લાગવા જોઇએ. શબ્દો એ મુખ રૂપી ખાંણ માંથી નીકળતા કાચા હીરા સમાન છે. માટે શબ્દોને વિવેકથી વિચારીને ઉચ્ચારવા જોઇએ. જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રિય વાણી , નિર્મળતા , મીઠાશ અને પ્રસન્નતા જરૂરી છે.

વાણી કર્કશતા કે કઠોરતાને લીધે જીવનમાં નિષ્ફળતા સાંપડે છે. શબ્દોને આપણે નરી આંખે જોઇ શકતા નથી. તેમજ પકડી શકતા નથી. તેથી તેનો ઘા પણ અદ્દશ્ય હોય છે અને તીક્ષ્ણ તલવાર ના ઘા કરતા પણ વધુ લાગે છે. વળી શસ્ત્રો નો ઘા વેહેલો મોડો રૂઝાય પણ ખરો પણ શબ્દો નો ઘા રૂઝાવો અતિ દુષ્કર છે. જેમ સફળતાના મૂળમાં વાણીની મીઠાશ છે તેમ નિષ્ફળતાના મૂળમાં વાણીની કર્કશતા છે, કઠોરતા છે. લોક હદય ને જીતવા માટે શબ્દોમાં સહાનુભૂતિની સુવાસ જોઇએ , પ્રેમનો પરાગ જોઇએ.

' જેવું મનમાં તેવું વચનમાં ' મનમાં જે ભાવ રમતો હોય તેજ વાણી રૂપે પ્રગટ થાય છે. શબ્દોને જો સાત્વિક અને શક્તિશાળી બનાવવા હોય તો મનને શુધ્ધ કરવું જોઇએ. જેનું મન શુધ્ધ તેની વાણી શુધ્ધ. આપણે જે શબ્દો બોલ્યા નથી તેના આપણે માલીક છીએ અને એ શબ્દો બોલ્યા પછી આપણે તેના દાસ બનવું પડે છે. સત્ય થી પવિત્ર કરીને વચન બોલવું જોઇએ. જે વાત ન જાણતા હોઇએ એમા મૌન રહેવું . વાત સત્ય હોય તો પણ તેને મધુરતાથી કહેવી જોઇએ.

વાત કરવીએ જીભના વ્યાપાર કરતા મગજનો વ્યાપાર બનવો જોઇએ. ' અતિની નહી ગતિ ' અતિ વાતોડીયા પણ પણ નિષ્ફળતાને નોતરે છે. બોલવુ ઘણુ સહેલુ છે પણ મૌન રહેવુ અતિ મુશ્કેલ છે. શુધ્ધ અને સંસ્કારી વાણીજ માનવીનું સાચુ આભૂષણ છે. બીજા આભૂષણો તો નાશવંત છે પરંતુ સુસંસ્કૃત વાણીજ અમર થઇ જાય છે. માનવીના મોટા ભાગનો જીવન વ્યવહાર વાણી દ્વારજ ચાલે છે. માનવ સંસ્કૃતિનો સમગ્ર વિકાસ વાણી પર અવલંબે છે. માટે વાણી એજ માનવીનું સાચૂ આભૂષણ છે.



# ચાર આંખોનું ચોમાસુ



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર

ઉનાળાની એ બપોર હતી
સૂર્ય ; નું આક્રમક રૂપ
જગત ને નિર્જીવતા આપી રહયું હતુ.
ઝાડ પર એક પાંદડુ પણ ફરકતુ નહતુ,

નાનકડું એવું મારુ ગામ ;
ને ગામની વચમાં રૂપાળું મારુ ઘર
આંગણા માં ઊભેલો ગુલમહોર
થોકે – થોકે લાગેલા લાલ ચટક ફુલો.

અમારી આંખો એ વસાવેલા શમણા
એક - બીજા ની આંખો માં , હજી પોરવવાના બાકી હતા,
દિલ ના સનસ્મરણો ભેગા મળીને વાગોળવાના બાકી હતા

છુટા પડવાનો વારો આવે ત્યારેજ યાદ આવે કે
હજીતો કેટલાય વચનો આપવાના ને લેવાના બાકી હતા.
એકજ ઘરમાં હતા ; પણ એક - બીજાને જોવા – જાણવાના હજી બાકી હતા .

કોઇ સમ્રાટ રાજા નું રાજ્ય કોઇ લુંટારો આવેને લુંટી ગ્યો હોય તેમ;
અમારા સપના નું નગર લુંટાઇ રહયું હતું
એની આંખોની અશ્રુધાર મારાથી છૂપી કે છાની નહોતી.
આટલી બધી જન – મેદની વચ્ચે એક – મેકનો હાથ નહતા પકડી શકતા.

અમારા આસુઓ એક – બીજા નો સાથ પકડી
આંખો માંથી પડતુ મુકતા હતા.
હદયના છાના ડુસકા ; છૂટા પડવાની વેદના ;
મન ની વચ્ચે ઊભી થતી તિરાળો ,
વિજળી ના કડાકા જેવી લાગતી હતી.


બધા પોતા – પોતાના કામમાં વ્યસ્ત હતા ,
જ્યારે ચાર આંખો રડી – રડી ને એક બીજને ભેંટતી હતી
કપાળ માં કોણ જાણે કેટલું પાણી હતું કે –
રડી રડી ને આંખોમાં વગર ચોમાસે ધોડાપૂર આવ્યું હતુ .

એ પૂર માં સપના ના મહેલ તણાતા હતા ,
કંઈક આશાએ અને અરમાનો તણાતા હતા
નવી લાડી ની વેણી , ચુંદડી , મોળીયો ને
વણ પહેરેલું 'મંગળસૂત્ર' તણાતું હતુ .
વરરાજા ની એ પાધડી, ખેંસ ને નહિ બાંધેલી
છેડા – છેડી પણ તણાતા હતા .

જેની – જેની આંખે અમારા આસું જોયા એની પણ આંખો ભીની થઈ આવી.
લગ્નમાં આવનાર કંઈક ભેટ – સોગાદ આપી ને જાય છે –
તેમ અમારા વિખંડન પર દરેક બે આંસુ ટપકાવતા હતા.
મેં આંખો થી એમના બન્ને હાથ કસ્સીને પકડી રાખ્યા'તા
અને કહયું - આ કોરોના ન થયો હોત તો હું તમારો હાથ , સાથ જિંદગી ભર ક્યારેય ન છોડત.
હવે તો યુગો નું છેટું છે મારે ને તમારે – એમની આંખો પણ રડી – રડી ને મને રોકતી હતી
ક્યારે મળશું કંઈક તો કેહતી જા.....

મળવાની વેળા ક્યાં નિશ્ચીત છે
આ અનિશ્ચીત કોરોના કાળ
પૃથ્વીના ચોપડે આટલી ગળમથલ છે તો
'આકાશે' શું હાલ હશે ?
'કાશ' આપણે મળી ગયા હોત ?
પછી ભલે કોરોના આવ્યો હોત.

# मौका



**Puneet Singh**
Overman,
Umarsar Lignite Project

मौका है यह , खो रही इंसानियत को जगाने का ,
श्रवन की तरह  फिर एक बार अंधे की लकड़ी बन जाने का|

भले ही झकझोर कर रख दिया है , हमे इस महामारीने ,
उठो जामवंत  मौका है यह महावीर को उनके बल के याद दिलाने का |

युं हाथ पर हाथ घरे कुछ हल नहीं हो पाएगा ,
आज कोरोना , तो कल कुछ नया हमे मिटाने आ जाएगा |

मौका हए यह , एक दुससे का सहारा बन जाने का ,
संजीवनी लाकर , हम सब मे निहीत कई लक्षमण को बचाने का |

मदद करे एक दुसरों की , आपका कुछ  ना कम हो जाएगा ,
औरौं  का तो भला होगा, खुद का भी भला हो जाएगा |

## શાળા ની પ્રવૃતિઓ




વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



ઓનલાઈન શિક્ષણ આપતા શિક્ષકો
તથા તેમનો ઉત્સાહ વધારતા
આચાર્યશ્રી



વિશ્વ યોગ દિવસ ઉજવણી



## વૃક્ષારોપણ

તા.૨૩-૦૬-૨૧



## વિદાય સમારંભ



# વહીવટી નિયામકશ્રીની શાળાની મુલાકાત તથા શાળામા વૃક્ષારોપણ

તા.૦૨-૦૭-૨૧



